English - Gujarati

Little Red Riding Hood

નાની લાલ પરી



Published in
Tales & F
(a unit of Star Publish
4/5, Asaf Ali Road, N
www.starpu
Email : talesandfables

Printec
Star Print O Bind, N

Little Red Riding Hood

નાની લાલ પરી

English - Gujarati



TALES & FABLES

Excellence in Children Books



Once upon a time, there was a pretty little girl who lived in a village near the forest. Her grandmother had given her a red cape with a hood to wear every time when she went out. So everyone in the village started calling her Little Red Riding Hood.

ઘણા વર્ષો પહેલા એક વખત એક સુંદર નાની છોકરી હતી, જે જંગલ નજીક એક ગામમાં રહેતી હતી. તેની દાદીએ તેને એક મહ઼ોરું આપેલ, જેને તે જ્યારે પણ બહાર જાય ત્યારે તે હંમેશા પહેરતી. એટલે ગામમાં દરેક લોકો તેને નાની લાલ પરી કહેતા.



One morning, Little Red Riding Hood asked her mother if she could go to visit her grandmother who lived at the other end of the forest.

"That's a good idea," her mother said. She packed a nice basket with cake, a pot of butter and other delicious things for Little Red Riding Hood to take to her grandmother.

એક સવારે નાની લાલ પરીએ તેની માને પૂછ્યું કે તે તેની દાદીને મળવા જઈ શકે, જે જંગલનાં બીજે છેડે રહેતી હતી.

"આ તેં એક સારી વાત કરી," તેની માએ કહ્યું. તેણે નાની લાલ પરીને તેની દાદીને ત્યાં લઈ જવા માટે એક કેક, એક વાસણમાં માખણ અને બીજી સ્વાદિષ્ટ ચીજો સાથે એક સરસ ટોપલી તૈયાર કરી.



Little Red Riding Hood loved her grandmother very much. She was very excited with the idea of visiting her. She picked up the basket and kissed her mother goodbye.

“Go straight to grandmother's house. Don't stray off the path and don't talk to strangers. The woods are dangerous," her mother cautioned.

"Don't worry, Mother," said Little Red Riding Hood. "I'll be careful."

નાની લાલ પરી તેની દાદીને ખૂબ જ ચાહતી. તેને તે મળવાની છે તે વિચારથી તે ખૂબ જ ઉત્સુક હતી. તેણે ટોપલી ઉપાડી, તેની માને વિદાય માટે ચુંબન કર્યું. અને તેની દાદીને મળવા તે નીકળી પડી.

"સીધી દાદીનાં ઘરે જ જજે. રસ્તામાં આડીઅવળી ન જતી અને અજાણ્યા લોકો સાથે વાત ન કરતી. જંગલ ખતરનાક છે," તેની માએ તેને ચેતવણી આપી.

"ચિંતા ન કરો, બા," નાની લાલ પરીએ કહ્યું, "હું સાવચેત રહીશ."



As Little Red Riding Hood trotted along merrily, she saw lovely flowers growing everywhere. She forgot her promise to her mother, and strayed off into the forest to pick some flowers.

She watched the butterflies flutter about, and the sunbeams dancing through the trees. She was enjoying the warm summer day so much that she did not notice a dark shadow following her in the forest.

નાની લાલ પરી આનંદથી આગળ ચાલતી ગઈ, અને તે દરમિયાન તેણે ચારે બાજુ મનોરમ ફૂલો ફૂલી ઊગતા જોયા. તેણે તેની માને જે વચન આપ્યું હતું તે તો તે સાવ ભૂલી ગઈ, અને જંગલમાં થોડાક ફૂલો વીણવામાં આડે રસ્તે ચડી ગઈ.

આજુબાજુ પતંગિયાને પાંખો ફડફડાવતા જોવામાં અને સૂર્યનાં કિરણોને ઝાડોમાંથી નાચતા નાચતા આવતા જોવામાં તે રત થઈ ગઈ. તેને આ હુંફાળા ઉનાળાનાં દિવસમાં એટલી મજા આવી કે તેના ધ્યાનમાં જ એ ન આવ્યું કે જંગલમાં એક અંધારો પડછાયો તેનો પીછો કરી રહ્યો હતો.



Suddenly, a wolf appeared beside her.

"What are you doing out here, little girl?" asked the wolf in a friendly voice.

"I'm on my way to see my grandmother who lives on the other side of the forest, near the brook," Little Red Riding Hood replied.

અચાનક જ તેની નજીક એક વરૂ દેખાણો.

"તું અહિંયા શું કરે છે, નાની છોકરી?" વરૂએ માયાળુ અવાજે પૂછ્યું.

"હું મારી દાદીને મળવા જાઉં છું, જે જંગલની પેલી બાજુ નાના ઝરણા પાસે રહે છે," નાની લાલ પરીએ ઉત્તર આપ્યો.



Suddenly she realized that she was going to be late. She quickly excused herself and rushed down the path.

The wolf, in the meantime, took a shortcut to her grandmother's house.

અચાનક જ તેને ખ્યાલ આવ્યો કે તેને મોડુ થઈ જશે. તેણે જલદી માફી માગી અને રસ્તામાં ઝડપ કરી.

એ દરમિયાન વરૂએ તેની દાદીનાં ઘરે જવા માટે એક ટૂંકો રસ્તો લીધો.



The wolf hurried and soon arrived at grandmother's house. He knocked lightly at the door.

"Who is there?" grandmother asked from inside her home.

"Little Red Riding Hood," replied the wolf softly.

વરૂ જડપથી દોડ્યો, અને થોડી વારમાં જ તે તેની દાદીનાં ઘરે આવી પહોંચ્યો. તેણે હળવેથી દરવાજા પર ખખડાવ્યું.

"કોણ છે ત્યાં?" દાદીએ તેનાં ઘર અંદરથી પૂછ્યું.

"નાની લાલ પરી," વરૂએ નરમાશથી ઉત્તર આપ્યો.



“Oh thank goodness! You have come at last my child! I was worried that you would get lost in the forest," grandmother said. “Come in. The door is not locked.”

She thought that it was really Little Red Riding Hood at the door.

"ઓ હાશ પ્રભુ! આખરે તું આવી પહોંચી, મારી બેટી! મને ચિંતા થઈ હતી કે કદાચ તું જંગલમાં ખોવાઈ તો નથી ગઈ ને," દાદીએ કહ્યું. "આવ અંદર. દરવાજો બંધ નથી કરેલ."

તેણે એમ વિચાર્યું કે દરવાજે હકીકતમાં નાની લાલ પરી જ હતી.



The wolf let himself in. “Here I am. First I’ll eat you and then I will eat Little Red Riding Hood too!” he growled.

Grandmother shrieked out in terror. She was too weak to run away and save herself. In no time the wolf jumped on her and gobbled her up whole.

વરૂ પોતે દરવાજો ખોલી અંદર આવ્યો. "જો આ હું આવ્યો. પહેલા હું તને ખાઈ જઈશ અને પછી હું નાની લાલ પરીને પણ ખાઈશ!" તે ઘુરક્યો.

દાદીએ ભયભીત થઈને ચીસ પાડી. નાસી જઈને પોતાની જાતને બચાવવા પૂરતી તેનામાં શક્તિ ન હતી. તરત જ વરૂએ તેના ઉપર કૂદકો માર્યો અને તેને ઉતાવળે લબલબ કરતો ખાઈ ગયો.



“Yummm...delicious!” the wolf muttered as he licked his lips. He pulled out a nightgown from grandmother’s wardrobe, and quickly dressed himself in it. Then the wolf put on grandmother’s bonnet and glasses to disguise himself as Little Red Riding Hood’s grandmother.

"હં... કેવું સ્વાદિષ્ટ!" વરૂએ તેનાં હોઠ પર જીભ ફેરવતા કહ્યું. તેણે દાદીનાં કપડા રાખવાના કબાટમાંથી એક રાતે પહેરવાનો પોષાક કાઢ્યો અને જલદીથી તે પહેર્યો. પછી તેણે દાદીનું માથે ઢાંકવાનું વસ્ત્ર પહેર્યું અને તેનાં ચશ્મા ચડાવ્યા, જેથી તે વેશપલટથી નાની લાલ પરીની દાદી જેવો જ દેખાય.



A few minutes later, Red Riding Hood knocked at the door. The wolf jumped into bed and pulled the covers over his nose.

"Who is it?" he called in an old woman's voice.

"It's me, Little Red Riding Hood."

"Oh how lovely! Come in, my dear," said the wolf.

થોડીક મિનિટ પછી, નાની લાલ પરીએ દરવાજો ખખડાવ્યો. વરૂએ કૂદકો મારીને પથારીમાં જંપલાવ્યું અને નાક સુધી ચાદર ખેંચી લીધી.

"કોણ છે?" તેણે એક ઘરડી બાઈનાં અવાજમાં કહ્યું.

"હું છું, નાની લાલ પરી."

"ઓ કેવું સરસ! અંદર આવ, મારી વહાલી," વરૂએ ઘોઘરા અવાજમાં કહ્યું.



When Little Red Riding Hood entered the little cottage, she could barely recognize her grandmother.

"Grandmother! Your voice sounds so odd. Is something wrong?" she asked.

"Oh, I just have touch of a cold," replied the wolf, while pretending to cough.

જ્યારે નાની લાલ પરી તે નાની ઝુંપડીમાં અંદર આવી ત્યારે તે તેની દાદીને લગભગ ઓળખી જ ન શકી.

"દાદી! તમારો અવાજ કેવો વિચિત્ર લાગે છે. તમને કંઈ થયું છે?" તેણે પૂછ્યું.

"અરે, મને જરાક શરદી થઈ ગઈ છે," વરૂએ ઉત્તર આપ્યો, અને પછી તેણે ખાંસી ખાધી જેથી તેમ લાગે કે તે સાચુ કહે છે.



"But grandmother! What big ears you have?" said Little Red Riding Hood as she edged closer to the bed. "The better to hear you with, my dear," replied the wolf.

"But grandmother! What big eyes you have?" said Little Red Riding Hood. "The better to see you with, my dear," replied the wolf.

"But grandmother! What big teeth you have?" asked Little Red Riding Hood. "The better to eat you with, my dear," roared the wolf, as he leapt out of the bed and gobbled up the little girl whole.

"પણ દાદી! તમારા કાન તો જુઓ કેવા મોટા છે?" નાની લાલ પરીએ પથારી નજીક આવતા કહ્યું. "તે એટલા માટે કે જેથી તું જે કહે છે તે મને સારી રીતે સંભળાય, મારી વહાલી," વરૂએ ઉત્તર આપ્યો.

"પણ દાદી! તમારી આંખો તો જુઓ કેવી મોટી છે?" નાની લાલ પરીએ કહ્યું. "જેથી હું તને સારી રીતે જોઈ શકું, મારી વહાલી," વરૂએ ઉત્તર આપ્યો.

"પણ દાદી! તમારા દાંત તો જુઓ કેવા મોટા છે?" નાની લાલ પરીએ કહ્યું. "તે એટલા માટે કે જેથી હું તને સારી રીતે ખાઈ શકું, મારી વહાલી," એમ વરૂએ ત્રાડ પાડી, અને તે પથારીમાંથી કૂદકો મારીને બહાર આવ્યો અને નાની છોકરીને ઉતાવળે લબલબ કરીને ખાઈ ગયો.



With his stomach full, the wolf felt drowsy and soon fell asleep on the bed.

Just then, a woodcutter who had been chopping logs nearby walked past the house. As he peeped inside through the window, he was surprised to see the wolf sleeping in the bed.

He quietly entered the house and cut open the wolf's stomach. Little Red Riding Hood and her grandmother were still alive because the wolf had swallowed them whole.They both staggered out of the wolf's stomach. Then the woodcutter filled the wolf's stomach with heavy stones and sewed it back.

તેનું પેટ એકદમ ભરાઈ ગયું એટલે હવે વરૂને ઊંઘ આવવા મંડી અને થોડીક વારમાં તો તે પથારીમાં સૂઈ ગયો.

તે જ વખતે એક લાકડા તોડવા વાળો, જે નજીકમાં લાકડા તોડવા ગયો હતો, તે ઘર પાસેથી નીકળ્યો. તેણે બારીમાંથી જોયું, અને તેમાં વરૂને જોઈને તેને ઘણું જ આશ્ચર્ય થયું.

તે ગુપચુપ રીતે ઘરમાં પ્રવેશ્યો, તેણે એક કાતર લીધી અને વરૂનું પેટ કાપીને ખોલી નાંખ્યું. પહેલા નાની લાલ પરી બહાર નીકળી આવી અને ત્યાર પછી દાદી લથડિયા ખાતી બહાર આવી. લાકડા તોડવા વાળાએ વરૂનાં પેટમાં ભારે પથ્થરો ભરી દીધા અને તેને પાછુ સીવી નાંખ્યુ. ત્યાર પછી તેઓ બધા સંતાઈ ગયા.



When the wolf awoke, he felt very heavy. As he wobbled out of the house, he toppled into a well and drowned. Grandmother and Red Riding Hood thanked the woodcutter for saving their lives, and bid him goodbye.

"Oh grandmother, I was so scared!" sobbed Little Red Riding Hood. "I'll never speak to strangers or wander off in the forest again."

"I am happy that you have learned your lesson," said her grandmother. Little Red Riding Hood and her Grandmother were both very happy to have escaped the wolf. They sat down together and had a delicious lunch.

જ્યારે વરૂ તેની ઊંડી ઊંઘમાંથી જાગ્યો ત્યારે તેને ભારે ભારે લાગ્યું. તે પથારીમાંથી બહાર નીકળ્યો અને ઘરની બહાર ઢચુપચુ ડોલતો બહાર નીકળ્યો. પોતાની જાતને કાબૂમાં ન રાખી શકવાથી તે એક કૂવામાં પડ્યો અને તેમાં જ ડૂબી ગયો. દાદી અને નાની લાલ પરીએ તેમનો જાન બચાવવા માટે લાકડા તોડવા વાળાનો આભાર માન્યો અને તેને વિદાય આપી.


"ઓહ દાદી, મને એટલો બધો ડર લાગી ગયો હતો!" નાની લાલ પરી ધ્રૂસકે ધ્રૂસકે રોઈ, "હવેથી હું ક્યારેય પણ અજાણ્યા લોકો સાથે વાત નહિ કરુ કે જંગલમાં આડે રસ્તે નહિ ચાલુ."


"તું આ એક પાઠ શીખી તે જાણીને હું ખુશ છું," દાદીએ કહ્યું. નાની લાલ પરી અને તેની દાદી વરૂથી બચી ગયા હતા એટલે બંને ઘણા આનંદમાં હતા. તેઓ સાથે નીચે બેઠા અને તેઓએ બપોરનું સ્વાદિષ્ટ ભોજન કર્યું.




This dual language series
of FAIRY TALES is available in
Hindi - Gujarati - Bengali - Urdu - Tamil - Punjabi
Arabic - Korean - Vietnamese - Mandarin - Spanish













English - Gujarati

Little Red Riding Hood

નાની લાલ પરી



Translated by : Transs Creations
and revised by Neerav Desai

TALES & FABLES

Excellence in Children Books

9 789382 809548